જીઆઈડીસી/ઈએનજી/જાઆ/૨૩
જીઆઈડીસી, વડી કચેરી,
ઉધોગ ભવન, ગાંધીનગર
તા:- ૦૯/૦૭/૨૦૨૧

# // પરિપત્ર //

**વિષય: જીઆઈડીસી વસાહતો ખાતે ગટર જોડાણ મંજુર કરવા અંગે સત્તા સોંપણી તેમજ ગટર જોડાણ માટે જામીનગીરી અનામત બાબત.**

જીઆઈડીસી દ્વારા વસાહતો ખાતે પાયાની આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે, રસ્તા, વરસાદી ગટર, પાણી પુરવઠો તેમજ ગટર વ્યવસ્થા અને શેરીબત્તીની સુવિધાઓ જરુરીયાત મુજબ ઉપલબ્ધ કરવામાં આવે છે. પાણી પુરવઠા અંગે ફાળવણીદાર દ્વારા તેમની પાણીની જરૂરીયાત અન્વએ પાણીના જોડાણ માટે અરજી કરવામાં આવે છે. આ અંગે પાણીના જથ્થાને અનુરૂપ નિયમાનુસાર ગણત્રી થતા પાણીના જોડાણ મંજુર કરવા અંગે નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઈએનજી/અઈ/જાઆ/જન/૯૭૦ તા:૦૪/૧૨/૧૯૯૦ થી સત્તા સોંપણી કરવામાં આવેલ છે. જ્યારે ગટર જોડાણ મંજુર કરવા અંગે સત્તા સોંપણી બાબત સૂચના જારી થયેલ નહિ હોઇ, ક્ષેત્રિય નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા ગટર જોડાણ મંજુર કરવમાં આવે છે. આથી પાણી તેમજ ગટર જોડાણ મંજુર કરવા અંગે સત્તા સોંપણી બાબતે એકરૂપતા રાખવાની આવશ્યક્તા જણાય છે. આથી પાણીના જોડાણ મંજુર કરવા અંગે અમલી સત્તા સોંપણીને ગટર જોડાણ મંજુર કરવા અંગે અમલમાં મૂકવા આથી જણાવવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | પાણી / ગટરના જોડાણ તથા જથ્થાની વિગત | પાણીનું જોડાણ મંજુર કરવા માટે સત્તા સોંપણી | ગટરનું જોડાણ મંજુર કરવા માટે સત્તા સોંપણી |
|---|---|---|---|
| ૧ | ૨૫ મીલીમીટર વ્યાસ સુધીના જોડાણ | ક્ષેત્રિય નાયબ કાર્યપાલક ઈજનેર | ક્ષેત્રિય નાયબ કાર્યપાલક ઈજનેર |
| ૨ | ૨૫ મીલીમીટર વ્યાસથી વધુ અને ૪૫૪ કેએલડી (એક લાખ ગેલન) સુધીની ક્ષમતા. | ક્ષેત્રિય કાર્યપાલક ઈજનેર | ક્ષેત્રિય કાર્યપાલક ઈજનેર |
| 3 | ૪૫૪ કેએલડી (એક લાખ ગેલન) થી વધુ ક્ષમતાના જોડાણ માટે. | ક્ષેત્રિય અધિક્ષક ઈજનેર | ક્ષેત્રિય અધિક્ષક ઈજનેર |

વધુમાં પાણી પુરવઠાના જોડાણ માટે પાણી પુરવઠાની અરજીમાં દર્શાવેલ પાણીની જરૂરીયાતના મંજુર થયેલ જથ્થા માટે બે માસ તેમજ પાણીના જોડાણ પછી ખરેખર વપરાશ આધારિત એક માસ મળી કુલ ત્રણ માસની જામીનગીરી અનામત શરૂઆતમાં વપરાશકારે જમા કરાવવાની જોગવાઇ છે. પરંતુ ગટર જોડાણ માટે આવી કોઈ સુચના જારી થયેલ ન હોઈ, પાણીના જોડાણ મુજબ જ ગટરના જોડાણ માટે જામીનગીરી અનામત વસુલ લેવા બાબતે એકરૂપતા રાખવાની આવશ્યક્તા જણાય છે. આથી ગટર જોડાણ મંજુર કરતી વખતે ગંદા પાણીના જથ્થા માટે શરૂઆતમાં જ કુલ ત્રણ માસની જામીનગીરી અનામત વપરાશકારે જમા કરાવવા અંગે સૂચના આપવામાં આવે છે.

ઉપરાંત પાણી પૂરવઠા માટે ત્રણ માસની જામીનગીરી અનામત દર વર્ષે પાણીના દરના સુધારા મુજબ તેમજ ગટર જોડાણ માટે ત્રણ માસની જામીનગીરી અનામત ડ્રેનેજ સેસના સુધારા મુજબ ગણતરી કરી અગાઉ જમા થયેલ જામીનગીરી અનામત બાદ કરતા તફાવતની રકમ વસૂલ કરવાની રહેશે.

નિગમની વસાહતોમાં આવેલ ફાળવણીદારો / વસાહતો બહારના વપરાશકર્તાના મંજુર કરેલ ગટર જોડાણ માટે અત્યાર સુધી થયેલ / થનાર ગટર જોડાણ માટે જે વપરાશકારો દ્વારા જામીનગીરી અનામત જમા કરાવવામાં આવેલ નથી / માગણા પત્ર જારી કરેલ નથી, તેમને માગણા પત્ર જારી કરી જામીનગીરી અનામત જમા કરાવવા જાણ કરવાની રહેશે.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

નકલ રવાના: પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ...............
- મેનેજરશ્રી (એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર.... તરફ જાણ તેમજ જીઆઇડીસીની વેબ સાઇટ ઉપર મૂકવા સારુ,

રવાના કર્યું,

મેનેજર (મહેકમ)